સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

કાબે 'અર્જુન' લૂંટાયો, ને હિંમત હારી ગયા!
ફૂટમાં વેડફાઈ 'શક્તિ' ચૂંટણી હારી ગયા!
હારી ગયા 'માજી'ના પુત્રો, 'તૂષાર' ને 'સિદ્ધાર્થ' -
બેઠા પાદુકા લઈ 'ભરત' હામ હારી ગયા!
(સેનાપતિઓનું પતન)

હાઈકુ

નિર્દોષ છતાં,
ચઢી ગ્યા ક્રોસ પર -
થઈ ગ્યા 'દેવ'

ખેંચતાણમાં,
સંપ-સંગઠનનાં
તૂટ્યાં હાડકાં...

ચિંતન

કૃતિ કિમ અપિ ન એવ સ્યાદ્ ઈતિ સચિન્ત્ય તત્ત્વતઃ ।
યદા યત્ કર્તુમ આયાતિ તત્ કૃત્વા આસે યથા સુખમ્ ।

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિમાંથી લેવામાં આવેલ છે.

કરેલું કર્મ પણ ખરેખર તો તાત્ત્વિક રીતે છે જ નહીં, એમ વિચારીને, જે કંઈ કર્મ કરવાનું આવે તેને કરીને સુખથી સ્થિત છું.

માણસ જીવનભર કંઈને કંઈ કર્યા જ કરે છે ને એમ માને છો કે મેં કર્યું. અહીં શંકરાચાર્ય કહે છે કે જે કાંઈ કર્મો મેં કર્યા છે, તે કોઈ કમો તાત્વિક રીતે જોતાં, છે જ નહીં, તેમનું કંઈ અસ્તિત્વ જ નથી. મેં કર્યું મેં ન કર્યું. એ ભાવ છે ત્યાં સુધી કર્મો પણ છે. પણ જયાં એ ભાવ લુપ્ત થયો કે કર્મો પણ લુપ્ત થાય છે. જયાં જ્ઞાન પ્રગટ છે ત્યાં પછી કર્મો રહેતા નથી, કર્મો કર્યાનો કર્તૃત્વ રહેતો નથી.

સુવિચાર

- દેશને સુખી માણસોની એટલી જરૂર નથી જેટલી વચન પ્રત્યે વફાદાર લોકોની જરૂર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણું જીવન અંતે તો અનેક લોકોની મૂક ભલાઈ અને ઉપકારોનો સરવાળો જ છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- ભલાઈની ક્ષણ, ક્ષણે-ક્ષણ લણ - **ધર્મલોક**
- હાથી ખાતો હોય છે ત્યારે સૂંઢમાં લીધેલા કોળિયામાંથી થોડુંક નીચે પડી જાય તો એમાં એનું શું ઓછું થવાનું છે? પણ એ નીચે પડેલામાંથી કીડીનું આખું કુટુંબ નભી જાય છે - **જનકલ્યાણ**
- સિંધુ સમા નિષ્ક્રિય સિદ્ધાંત કરતાં બિંદુસમી સક્રિયતા સારી - **બોધિવૃક્ષ**
- પોતાના પુરુષાર્થ દ્વારા જે સત્ય શોધવામાં આવે તેને જ સાક્ષાત્કાર કહેવાય છે - **રમેશ ઓઝા**
- આજનું ઔષધ : આમળાના બે તોલા રસમાં એક લોતો મધ અને પા તોલા પીપરનું ચૂર્ણ મેળવી લેવાથી શ્વાસમાં રાહત થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

૧૮૭૦ની સાલની વાત. અગિયાર વર્ષની નાની કન્યા જે અમેરિકાના ફલોરિડામાં નાના ગામમાં રહેતી હતી એનું નામ હતું ગ્રેસ. એના પિતાના રૂમમાં અબ્રાહ્મ લિંકનની તસવીર લાગેલી હતી. ગ્રેસે એક દિવસ પિતાની ગેરહાજરીમાં એ લિંકનની તસવીર ઉપર પેન્સીલથી દાઢી દોરી દીધી. ગ્રેસે એના પિતા આવ્યા ત્યારે ભોળાભાવે કહ્યું કે લિંકન જો દાઢી રાખશે તો ખરેખર હેન્ડસમ દેખાશે....ત્યારે તેના પિતાએ ગ્રેસને કહ્યું કે તું લિંકન ને કાગળ લખી જો કદાચ તારી વાત માનશે તો એમના સમર્થકોની સંખ્યા વધી જશે.

એ પત્ર લિંકનને મળ્યો અને સામે લિંકને બાલિકાને સુઝાવ આપવા બદલ ધન્યવાદનો પણ મોકલ્યો.

બે મહિના બાદ લિંકન કોઈ કામસર ફલોરિયા ગયા હતા ત્યાં એમણે ગ્રેસને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. અધિકારીઓ ગ્રેસને લઈને એના પિતા સાથે તેડી લાવ્યા. લિંકને તરત જ ગ્રેસને વ્હાલથી તેડી લીધી અને કહ્યું, 'જોયું ગ્રેસ તારી સૂચના મુજબ મેં દાઢી રાખી છે અને હવે હું હેન્ડસમ દેખાું છું ને?' ગ્રેસ પણ લિંકનને મળીને ખૂબ રાજી થઈ. અગિયાર વરસની બાળકીના સુઝાવ ને પણ મહત્ત્વ આપવાવાળા અમેરિકાના પ્રમુખ લીંકનની બીજે દિવસે અખબારોએ મુખ્ય સમાચારમાં નોંધ લીધી.

સમતોલ રાજય મંત્રીમંડળ

ગુજરાત રાજયના નવા મંત્રીમંડળની રચના થઈ ચૂકી છે. છઠ્ઠી વાર ભાજપના નેતૃત્વ હેઠળની સરકાર રચાઈ છે તે એની આગવી રીતનો વિક્રમ છે. અલબત્ત આ વિક્રમજનક સફળતાનું શ્રેય વડાપ્રધાન નરેન્દ્રભાઈ અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ જેટલું જ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ તથા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીને પણ જાય છે. વિપક્ષ મજબૂત જરૂર થયો છે પણ એના વરિષ્ઠ નેતાઓ હારી ગયા છે. જનસંઘના પ્રારંભકાળના સંનિષ્ઠ અગ્રણીઓ વસંતરાવ ગજેન્દ્ર ગડકર, નાથાલાલ ઝઘડા કે ચીમનભાઈ શુક્લ અને અરવિંદ મણિયાર તથા હરિસિંહ ગોહિલ કે મકરંદ દેસાઈના સુદીર્ઘ તપનું આ પરિપક્વ ફળ છે. દીપકના પ્રતીક સાથે ચૂંટણી લડનારા શંભુ મહારાજ જેવા સમર્થ ધાર્મિક નેતાને ડિપોઝીટ બચાવવાનાં ફાંફાં પડતાં હતા. કેશુભાઈ પટેલને લોકનેતા તરીકે વિકસાવવા 'દેસાઈ' જેવી પ્રતિષ્ઠાસૂચક અટલ બદલી 'પટેલ' થઈ જવું પડ્યું હતું. જનસંઘના પ્રાણપુરુષ દીનદયાળ ઉપાધ્યાયને કદાચ કલ્પના પણ નહીં હોય કે એમનાં સાંસ્કૃતિક એકાત્મવાદને ગાંધી વિચાર લગોલગ મહત્ત્વ સાંપડશે. જો કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના આદિપુરુષનું 'હિંદુ રાષ્ટ્ર'નું સપનું સાકાર કરવા મથતી રાજકીય પાંખને જયપ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળ કોંગ્રેસ વિરુદ્ધનાં તમામ રાજકીય પરીબળોના ધ્રુવીકરણનો જે ફાયદો થયો તેની ફલશ્રુતિ લેખે ભારતીય જનતા પાર્ટી આજે દેશનાં ૧૯ રાજયોમાં સત્તાસ્થાને પહોંચી શકી છે તે ન ભૂલવું જોઈએ. અટલ બિહારી વાજપેયીની 'મેઈડન સ્પીચ'થી જ ખુશખુશાલ થઈ ગયેલા તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ એમનામાં પ્રાઈમમિનિસ્ટરિયલ મરીરીયલના અણસાર મેળવી લીધા હતા, પરંતુ તે વખતે કોઈને સ્વપ્ને પણ નહીં કલ્પ્યું હોય કે ગુજરાતના એક અદના કાર્યકર્તા અને સંઘ પ્રચારક આગામી વર્ષોમાં વાંસના અંકુરની માફક ધરતી ફાડીને પ્રગટશે અને ગુજરાતમાં વિજયની હેટ્રિક લગાવ્યા પછી આખા દેશમાં કેસરિયા ધ્વજની આણ ફેલાવશે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વૈશ્વિક નેતા સ્વરુપે પ્રસ્થાપિત થયા પછી પણ એમની ગુજરાત ઓળખ અકબંધ રાખી સતત અશ્વમેધના ઘોડાની માફક નવાં નિશાન સર કરી રહ્યા છે. તેનું દરેક ગુજરાતીને સ્વભાવિક રીતે જ ગૌરવ થાય. કોંગ્રેસ જેવા સર્વવ્યાપી રાષ્ટ્રીય પરિબળ સામે ઝઝૂમીને એમણે પૂર્વસૂરિઓએ સ્વપ્ને પણ કલ્પના ન કરી હોય એવા દૂરદર્શી પ્રદેશો સુધી ચક્રવર્તી સામ્રાજય વિસ્તાર્યું છે તે કોઈ નાની સૂની ઘટના નથી. એમણે પોતાના અપ્રતિમ મનોબળ અને વાક્ ચાતુર્ય ઉપરાંત ઊજળી અને ઈમાનદાર છબીના જોર પર અઘરી લાગતી કસોટીઓમાં હેમખેમ પાર ઊતરીને એક રાજકીય ક્ષેત્રના મહાનાયક તથા કદીય પરાજિત નહીં થનાર રાષ્ટ્રી નેતા તરીકે કાઠું કાઢ્યું છે. આ વખતની ગુજરાતની વિધાનસભાની ચૂંટણી મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ માટે પ્રતિષ્ઠાની ચૂંટણી બની રહી હતી. પાટીદાર-ઓબીસી જેવા જ્ઞાતિવાદી પરિબળો તથા આંદોલનકારી યુવા ત્રિપુટીએ કોંગ્રેસ સાથે હોવાના સ્પષ્ટ સંકેતો આપ્યા હતા ત્યારે 'વિકાસ' અને રાષ્ટ્રવાદના મુદ્દે મોદીએ બૂંગિયો ફૂંક્યો. સત્તા જતાં જતાં બચી ગઈ. જો કે વિપક્ષ મજબૂત થયો તે સારો સંકોચ જ ગણાય. સત્તાધારી પક્ષને હવે વધુ સાવચેતીપૂર્વક લોકસંગ્રહની તક મળશે અને જયાં એ નાની સરખી પણ ભૂલ કરશે ત્યાં એના કાન આમળવા સબળ વિરોધ પક્ષ તૈયાર બેઠો હશે. સંસદીય લોકતંત્રમાં એકહથ્થુ સત્તા કરતાં સત્તાધારી પક્ષ અને વિપક્ષ બેઉ વચ્ચે બેઠકોનું અંતર ઓછું હોય તે બાબત વિશેષ ઉપકારક અને લાભદાયી લેખાય. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતના શાણા મતદારોએ ભાજપને સત્તા માટે તો પસંદ કર્યો છે પણ સાથે એના જ વૉચ ડોગ તરીકે મજબૂત વિપક્ષ પણ આપ્યો છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની જોડીને પુનઃ સત્તાનું સુકાન સોંપી પાર્ટીના હાઈકમાંડે પણ શાણપણ દાખવ્યું છે. વીસ સભ્યોના મંત્રીમંડળમાં દરેક સમાજનું અને વિસ્તારનું પ્રતિનિધિત્વ જળવાય એવો પ્રયાસ કરાયો છે. સવિશેષ પાટીદાર સમાજને તથા પાર્ટીની પડખે રહેલા અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિઓ ઉપરાંત સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતને ન્યાય આપવાની નેમ રાખી હોય એમ લાગે છે. જે જ્ઞાતિસમાજ તથા પ્રદેશોને મંત્રીમંડળમાં પૂરતું પ્રતિનિધિત્વ નથી આપી શકાયું તેમના ધારાસભ્યોને મુખ્યમંત્રીના સંસદીય સચિવો તરીકે સમાવીને એ ખોટ ભરપાઈ કરી શકાશે. સમગ્ર કવાયતમાં અમિત શાહની ચાણક્ય બુદ્ધિના ચમકારા વપરાય છે. જૂના જોગીઓને મહદંશે ચાલુ રખાયા છે. સૌરભ દલાલ જેવા વિચક્ષણ નેતાનો પુનઃ સમાવેશ કરાયો છે તો બીજી તરફ નવા લોહીને સ્થાન આપવાની નેમ પણ રમાઈ છે. સાથે જ પૂર્વે પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુનો કેબિનેટ પ્રવેશ પણ પાટીદાર આંદોલનને ધીમું પાડી શકાશે. મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને તેમનાં સંતુલિત નવા મંત્રીમંડળને અંતઃકરણની વિકાસ-કામનાઓ!

તંત્રીસ્થાનેથી...

મારું લેખન સાશ્વત છે, અને હંમેશા રહેશે

'હું શું કામ લખું છું' આ વાત પૂછવા જેવી છે પણ, અને નથી પણ. પરંતુ તમે જયારે પુછી જ રહ્યા છો તો કહી દઉં છું. તેનો એક જવાબ એ છે કે બસ લખું છું એટલે લખું છું. બાળપણથી જ, પાંચ વર્ષની ઉંમેરે નિશાળમાં ભણવા બેઠેલો. ઈ.સ. ૧૯૬૧માં, તે બે વખતે મને શાળાના મારા શિક્ષકે અને ઘરે માતા પિતાએ મને લખતાં શીખવ્યું. અને ત્યારથી આજ સુધી લખતો રહ્યો છું અને જયાં સુધી હાથમાં કલમ રહેશે ત્યાં સુધી લખતો રહીશ. હું એકલો જ શું કામ તમે પણ બાળપણથી વાંચતા-લખતા રહ્યા છો.

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે હું કોના માટે લખું છું. હું મારા માટે, જે મને મારા આત્મીય લાગે તેવા સ્વજનો અને જે મને સમજી શકે તેવા આપના જેવા ભાવકો માટે સૌ માટે લખું છું. તમે વાંચો કે ન વાંચો હું તો લખું છું અને લખતો રહીશ.

હવે તો જાણે કે લખવું એ મારી આદલ થઈ ગઈ છે. મારા માટે લખવું એ જ પૂજા છે, ઈબાદત છે.

લખવું એ કંઈ ખોટી બાબત નથી. લખવા માટેનો કોઈ ચોક્કસ સમય પણ હોતો નથી, ગમે ત્યારે રાતે-દિવસે લખી શકાય છે.

તમે 'શું કામ' એવો પ્રશ્ન કર્યો છે તો તેનો કોઈ જવાબ નથી હોતો. એ વાત હું તમને પણ પૂછી શકું કે તમે 'શું કામ' વાંચો છો, બતાવો શું કામ વાંચો છો અને તમારો સમય ગુમાવો છો. એટલા સમયમાં તો તમે બીજાં ઘણાંય કામ કરી શકો તેમ છો. તે વાત તમે સારી રીતે જાણો છો.

મને બધાં કહે છે કે હું ગમે તે સમયે બસ લખતો જ રહું છું. લખવા સિવાય પણ કંઈક કામ કરો. શું તમારી પાસે બીજું કંઈ કામ નથી. તેઓ એવું વિચારે છે કે લખવું એ કામ નથી.

નવાં કલેવર
નટવર હેડાઉ

લખવું એ એ તો બહુ મોટું કામ છે. લખીને જ પોતાની વાત કહી શકાય છે અને એ જ તો હું કરું છું.

લખવા માટે શબ્દોની જરૂર પડે છે. બોલવામાં પણ શબ્દની જરૂર તો છે જ. હાં એક વાત છે તમે મૌન રહી ને પણ કંઈક કરી શકો છો. કંઈક વાંચી શકો છો.

લખવું એ કળા છે કે વિજ્ઞાન, તમે જ વિચારો, તે કળા અને વિજ્ઞાનની સાથે વાણિજ્ય પણ છે. જ્ઞાન પણ છે. જો તમે જ્ઞાની નથી તો કંઈ જ લખી શકતા નથી, સારું તો લખી જ ન શકો.

જો કે લેખન કંઈ ખરાબ વસ્તુ નથી. તેમાં તમે કોઈને ગાળ લખો છો તો તે પણ તેના ભલા માટે હોય છે. જો કોઈ તમારા વિષે ખરાબ કહે તો પણ એ તમારી ભલાઈ માટે હોય છે.

હું જે લખું છું તેને વાંચુ પણ છું અને વાંચી વાંચીને લખતો રહું છું.

અનુસંધાન પાના નં. ૭ પર

શીલ, સદાચાર અને સંસ્કાર ધન સાચી મિલકત

ભગવાનશ્રી સ્વામીનારાયણે પોતાના સત્સંગી સમુદાયને અભયવચન આપ્યું છે કે "મારો સત્સંગી હોય તે અન્ન, ધન ને વસ્ત્રે કદી દુઃખી નહિ થાય." સાચી વાત છે. જે સત્સંગમય જીવન જીવે છે અને નીતિ-નિયમો તથા ધર્મોપદેશનું પાલન કરે છે તેને જીવનમાં કોઈ દુઃખ આવતું નથી. શિક્ષાપત્રીના આદેશો મુજબનું જીવન એટલે આદર્શ જીવન. જેમાં દુઃખને કોઈ સ્થાન નથી.

ધર્મ અને તેના સિદ્ધાંતો માનવીને જીવન જીવતા શીખવે છે. આદર્શો આપણા જીવનને ઉન્નત બનાવે છે. શીલ, સંયમ, સદાચાર અને સંસ્કારોનું ધન દરેક માણસની સાચી મિલકત છે. દરેક વ્યક્તિ પાસે શિક્ષણ, વિદ્યા છે, એ તેનું ધન છે કે જે દેખાતું નથી પરંતુ એ વિદ્યાધનથી જ તેની આર્થિક સ્થિતિ સારી અને વધુને વધુ સારી બનતી જાય છે તથા એવી સ્થિતિ જળવાઈ પણ રહે છે.

પૂજ્ય મહંત સ્વામી મહારાજે સને ૧૯૮૭માં એક પ્રસંગ કહ્યો હતો કે "આજથી દસ વર્ષ પહેલા સને ૧૯૭૭માં અમે પરમપૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ સાથે અમેરિકાની ધર્મયાત્રાએ ગયા હતા ત્યારની વાત છે. એક સત્સંગીના ઘરે પધરામણીએ જવાનું થયું હતું. તેણે કોઈ અમેરિકન પાસેથી આ વિશાળ મકાન ખરીદ્યું હતું. મૂળ માલિકે આખા બેઝમેન્ટને સેફ વૉટમાં ફેરવી દીધું હતું. આખું ભોંયરું એ આખેઆખી તિજોરી. પૂજ્ય સ્વામી, સંતો અને આઠ-દસ હરિભક્તો એ તિજોરી કે તિજોરામાં આંટો મારીને જોઈ આવ્યા. ફાયરપ્રૂફ અને વૉટરપ્રૂફ. સિક્યોરિટી મેઝર પણ વધારે હતા. પંદર-વીસ જાતના લૉક અને એટલી જ ચાવીઓ. ચોરી ન થાય એ માટે ઈલેક્ટ્રીક કરંટ પણ પસાર થાય. મૂળ ઘરમાલિકે જાણે આ તિજોરીમાં દસ-પંદર મણ સોનુ સાચવી રાખ્યું હોય એવું બને. સવાલ એ થયો કે જો મૂળ માલિક આટલો બધો ધનવાન હોય તો તેણે આટલું સરસ અને સલામતીભર્યું મકાન કેમ વેચવું પડ્યું. સત્સંગીએ કહ્યું કે મૂળ માલિક ખુબ ધનિક હતો પણ તેને જુગારની લત હતી. જુગાર રમવામાં ને રમવામાં તેની બધી મિલકત અને બધી બચત સ્વાહા થઈ ગઈ. આખરે તેણે પોતાનું આ

> દરેક વ્યક્તિ પાસે શિક્ષણ, વિદ્યા છે, એ તેનું ધન છે કે જે દેખાતું નથી પરંતુ એ વિદ્યાધનથી જ તેની આર્થિક સ્થિતિ સારી અને વધુને વધુ સારી બનતી જાય છે તથા એવી સ્થિતિ જળવાઈ પણ રહે છે.

મકાન પણ વેચવું પડ્યું. જો આપણે મહારાજ-સ્વામીના નિયમો મુજબ ચાલીએ તો જીવન ઉન્નત બને. યોગીજી મહારાજ કહેતા કે કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા. કુસંગથી દૂર રહેવું અને સદાચારયુક્ત જીવન જીવવું એ જ સત્સંગ."

ચીનના વિચારક લાઓ-ત્સે-તુંગ દાન-ધર્મનો મહિમા વર્ણવતા કહે છે કે "તમે તમારી પાસે શું શું છે અને એમાંથી શું દાનમાં આપો છો, એના ઉપર દાનનું મહત્વ છે." દાન-પૂણ્યનું મહત્વ હિન્દુ ધર્મમાં જ નહિ, દરેક ધર્મમાં સ્વીકારાયું છે.

ડૉંગરેજી મહારાજ એક વાત કરતા કે "તમારી પાસે કોથળો ભરીને અનાજ હોય અને એમાંથી તમે મૂઠ્ઠી ભરીને અનાજનું દાન કરો એ તો સારી વાત છે. પરંતુ તમારી પાસે માત્ર મૂઠ્ઠી અનાજ કે એક જણ માંડ જમી શકે એટલું જ ભોજન હોય અને તમારે જમવાનું બાકી હોય એ સંજોગોમાં તમે આંગણે આવેલા યાચક કે ભિક્ષુકને એ અન્ન આપી દો અને પોતે ભુખ્યા રહો એ દાન સર્વોપરિ છે."

ગુલમહોર
દિનેશ દેસાઈ

જૈન ધર્મમાં "સાધર્મિક વાત્સલ્ય" એવો એક શબ્દ છે. "સાધર્મિક વાત્સલ્ય" એટલે જેની પાસે પર્યાપ્ત માત્રામાં સાધન-સગવડો હોય તેવો સંપન્ન પરિવાર અન્ય જૈનધર્મી વંચિત પરિવારને જરુરીયાત અનુસાર મદદરૂપ બને એવી વ્યવસ્થા એટલે "સાધર્મિક વાત્સલ્ય." ભગવાન મહાવીર સ્વામીએ શીલ, સંયમ, સાદગી સાથે અપરિગ્રહ વૃત્તિનો સંદેશો પણ આપ્યો છે.

એક ગુજરાતી ઉક્તિ પણ છે કે "દાન કર્યે ધન વધે, ધન સંગ્રહે ધન જાય." હિન્દીમાં કહે છે કે પાની તો બહતા ભલા. બંધિયાર જળ કે તળાવ કે ભલે નાનું ખાબોચિયું હોય તેમાં દુર્ગંધ પ્રવેશી જાય છે. જેમ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ કહેવાયું છે એમ દાનમ્ વીરસ્ય ભૂષણમ્ એવી પણ સંસ્કૃતમાં ઉક્તિ છે. ક્ષમા, માફી હંમેશા શક્તિશાળી વ્યક્તિ જ આપી શકે. જેની પાસે બદલો લેવાની શક્તિ હોવા છતા જે વ્યક્તિ માફી આપી શકે છે તે ખરા અર્થમાં મહાન છે. એ જ પ્રમાણે દાન તો કદાચ સૌ કોઈ કરે છે. પરંતુ જેની પાસે ખુબ જ સાધન-સામગ્રી હોય અને દાન કરે તેના કરતા જેની પાસે મર્યાદીત ચીજવસ્તુઓ હોય અને એવી વ્યક્તિ પોતાની પાસેની તમામ ચીજોનું દાન કરી દે તેનાથી મોટો દાનવીર કોઈ નથી. શીલ, સંયમ, સદાચાર, સંસ્કાર અને વિદ્યા ઈશ્વરના આશીર્વાદ છે. મહાન વ્યક્તિ જન્મે મહાન હોય એવું નહિ, કર્મથી મહાન થાય છે. જેના મનમાં હોય એ જ વચનમાં હોય અને અમલમાં પણ સમાન ભાવ હોય.

જસ્ટ ટ્વીટઃ-

"मनस्येकं, वचस्येकं, कर्मण्येकं, महात्मनाम्
मनस्यन्यद्, वचस्यन्यद्, कर्मण्यन्यद्, दुरात्मनाम" – ऋग्वेद

(મહાન પુરુષોને મન, વાણી અને કર્મમાં એકતા હોય છે. દુષ્ટ પુરુષોને મન, વાણી અને કર્મમાં ભિન્નતા હોય છે.)

પદ્મશ્રી 'પેડમેન'...!! પિરિયડમાં વપરાતાં સેનેટરી નેપ્કીનને શરમ અને બજેટની આભડછેટ...!!

મહિલાને માસિક આવે એટલે રક્તસ્રાવ થાય અને એના માટે સેનેટરી નેપ્કીન કે પેડની જરૂર પડે. આપણા સમાજમાં હજુ પણ આ વિષય પર ચર્ચા ખુલીને થતી નથી. શક્ય છે ઘણાં ને શિર્ષક વાંચીને પણ ચીતરી ચઢી હોય !! પણ હકીકત એ છે કે ભારતની ૭૦% ટકા મહિલાઓ સેનેટરી નેપ્કીન ખરીદી શકતી નથી. કયાંક અવેરનેસનો અભાવ તો કયાંક શરમ નડે છે, ગ્રામ્ય મહિલાને બજેટ પરવડતું નથી... હજુ આજે પણ કેટલીય સ્ત્રીઓ ઘરના વેસ્ટ કપડાંનો પેડ તરીકે ઉપયોગ કરે છે, એને ધોઈ-સુકવી ફરી વાપરે છે!

માસિક દરમિયાન આભડછેદ એ પાછો અલગ વિષય છે. પરંતુ પિરિયડ સમયે જો વધુ રક્તસ્રાવ થાય તો પણ સ્ત્રીઓ મુંજવણ અનુભવતી હોય છે. નાના શહેર કે ગામડામાં સ્ત્રી નેપ્કીન ખરીદવા જાય ત્યારે એને પેપરમાં લપેટીને કે કાળા ઝભલામાં અપાય છે. ખરીદતી વખતે આજુબાજુમાં પુરુષ ન હોવાની ખાતરી પણ કરે છે. મળ-મૂત્રની જેમ આ પણ શરીરનો બગાડ છે, જે સમયાંતરે બહાર આવે છે એવું હજુ સહજતાથી સ્વીકારાતું નથી એ હકીકત છે!

માસિક દરમિયાન સ્ત્રીઓ સ્વચ્છતા રાખવાની બાબતની હવે સરકારી જાહેરાતો શરૂ થઈ છે. જૂન મહિનામાં અભિષેક સકસેના દિગ્દર્શિત 'ફુલ્લુ' નામની ફિલ્મ આવી હતી. માસિક દરમિયાન વપરાતા સેનેટરી નેપ્કીન ઓછા ખર્ચામા બનાવવાની નેમ ધરાવતા એક યુવાનની કથા એમાં દર્શાવવામાં આવી હતી. અભિનેતા શારિબ અલી હાશમી એનો હીરો હતો. ફિલ્મ કયારે આવી અને કયારે ઊડી ગઈ ખબર જ ન પડી!

હવે પાછી આ અઠવાડિયે એ જ વિષયની અન્ય ફિલ્મની ચર્ચા મીડિયામાં શરૂ થઈ છે. અને એનું મુખ્ય કારણ એટલે અરુણાચલમ મુરુગનંથમ નામની વ્યક્તિને પ્રસિદ્ધ હીરો અક્ષયકુમારે જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી અને બીજા જ દિવસે ફિલ્મ 'પેડમેન'નું પોસ્ટર રિલિઝ થયું. હવે, આ બે વાતનો શો સંબંધ ? એવો જો પ્રશ્ન થતો હોય તો ચોખવટ કરી દઉં કે 'પેડમેન ફિલ્મ' અરુણાચલમ મુરુગનંથમ નામની અસામાન્ય વ્યક્તિના જીવન પર આધારિત છે!

ઘરની મા-બહેન-પત્ની-ભાભીના પિરિયડ સમયની ચર્ચા, સાવચેતી, આરામ, સ્વચ્છતા એ માટે જરૂરી સેનેટરી નેપ્કીન હજુ પણ સ્ત્રીની અંગત વાતમાં ખપે છે. પુરુષો કોઈ દુકાન કે મોલમાં પેડ્સની ખરીદી કરતા જોવા મળતા નથી. શહેરના જેન્ટસ તો મોર્ડન થયા છે, સમજદાર અને શિક્ષિત

> રોજ પજવવા માટે એ પ્લાનિંગ કરે છે,
> સમય અમારું કેમ હજી રેગીંગ કરે છે.
> રોજ સવારે બે-ત્રણ આંસુઓ આવીને,
> બહુ અદબથી અમને ગુડ મોર્નિંગ કરે છે!
> – ભાવેશ ભટ્ટ

હોવાથી સંકોચ અનુભવતા નથી પરંતુ ગ્રામીણ ચિત્ર રૂંવાડા ઊભું કરે એવું છે. એક તો એ કોઈને કહેતી નથી, સેનેટરી નેપ્કીન સહજ ઉપલબ્ધ નથી અને છે તો ખર્ચો પોસાય એમ નથી... લગ્ન થયા બાદ એક દિવસ પોતાની પત્ની બાથરૂમ બહારની માટીમાં કંઈક પુરી રહી છે એવું અરુણાચલમને દેખાયું.

એ દિવસ પહેલીવાર અરુણાચલમને પિરિયડ બાબતે અને એ દરમિયાન વપરાતાં કપડા બાબતે માહિતી મળી. એમના ગામમાં સેનેટરી નેપ્કીન મળે છે. પણ જો એ વાપરવાનું ચાલુ કરશે તો એમને દૂધ-ખાંડનો ખર્ચો પોસાશે નહીં એવી એમના પત્નીની ચિંતા હતી. એ અઠવાડિયે એમની પત્નીનો બર્થડે આવતો હતો એટલે ગિફ્ટમાં સેનેટરી નેપ્કીન આપવા એમ નક્કી કરી એ માર્કેટ ગયા. સેનેટરી નેપ્કીનનું જે પૅકેટ એમણે ખરીદ્યુ એની મૂળ કિંમત કરતાં ચાલીસ ગણું મોંઘુ હોવાનું એમના ધ્યાને આવ્યું. ગરીબીને એકદમ નજીકથી જોનારા અરુણાચલમ્ને પત્નીનું 'આપણને એ ખર્ચો ના પોસાય' વાત યોગ્ય લાગી. (સેનેટરી નેપ્કીનના આવિષ્કારના બે દશક બાદ પણ અપૂરતી માહિતી સાથે મોટો ખર્ચો આ નેપ્કીન ન વાપરવા એટલો જ મહત્ત્વનો છે.)

અરુણાચલમ્ માર્કેટમાંથી ચાલતા ઘરે પહોંચતા મનમાં એક સંકલ્પ કરી બેઠા કે આવા નેપ્કીન સસ્તામાં સસ્તા બનાવીને જ જંપીશ. અને આજ દિ'ને કાલની ઘડી એમણે પાછા ફરીને જોયું જ નહીં. અનેક પ્રયોગ શરૂ કર્યા. ઘરમાં જ એક નાનકડું વર્કશોપ બનાવી ત્યાં સેનેટરી નેપ્કીન બનાવવા શરૂ કર્યા. પણ એમાંથી ધાર્યું પરિણામ મળ્યું નહીં. ઘરમાંથી અને સમાજમાંથી વિરોધ થયો એટલે એણે પોતાની જાત પર પ્રયોગ કરવા શરૂ કર્યા...

Hello ફ્રેન્ડસ!
સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com

માર્કેટમાંથી બોલ લઈ આવ્યો, કસાઈ મિત્રો પાસેથી બકરાંનું લોહી લાવ્યો. લોહીમાં ગાઠો તૈયાર કરવા જરૂરી એંટીકોએગ્યુલ કેમિકલ ભેગું કર્યું. એ લોહી બોલમાં ભરીને એના કાણા સાથે એક નળી ફીટ કરીને એ બોલ પોતાની જાંઘમાં વ્યવસ્થિત રહે એમ ફીટ કર્યો. એની પર પોતે તૈયાર કરેલો નેપ્કીન પહેલી લીધો. આખો દિવસ કામ કરતી વખતે બોલ દબાતો હતો અને એમાંથી લોહી બહાર આવતું હતું, અને એ પરથી એણે બનાવેલો નેપ્કીન કેટલો ફાયદાકારક છે એ ખબર પડતી હતી. અને આમ 'સેનેટરી નેપ્કીન વાપરનારો પુરુષ' એવી વિશ્વમાં એમની ઓળખ બની!

આ વિચિત્ર પ્રયોગ કરતા અરુણાચલમનો ગામમાં વિરોધ વધવા લાગ્યો એટલે એ ગામ છોડી કોઈમ્બતુર આવી ગયા. સતત સાડા સાચ વર્ષના સંઘર્ષ બાદ પોતાનું સેનેટરી નેપ્કીન બનાવવાનું મશીન એમણે સફળતાપૂર્વક બનાવ્યું. અને એની કિંમત હતી માત્ર ૬૦ હજાર રૂપિયા!! આઈ.આઈ.ટી. ચેન્નાઈ દ્વારા એમની રિસર્ચને માન્યતા મળી અને માજી રાષ્ટ્રપતિ પ્રતિભાતાઈ પાટીલના હસ્તે અરુણાચલમને પ્રશસ્તિપત્ર મળ્યો. વડાપ્રધાને વિગતવાર પત્ર લખી વખાણ કર્યા તો ગયા વર્ષે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને હસ્તે આ વિરલાને 'પદ્મશ્રી' થી નવાજવામાં આવ્યા. અરુણાચલમે તૈયાર કરેલા નેપ્કીની કિંમત માત્ર બે રૂપિયા છે, સાથેસાથ બેરોજગાર મહિલા માટે આનાથી રોજગારી પણ ઉપલબ્ધ થઈ છે.

ફક્ત ભારતમાં જ નહીં પણ બાંગ્લાદેશ, શ્રીલંકા, સાઉદી અરેબિયા, કેનિયા, યુગાન્ડા જેવા ૨૩ દેશોમાં આમના મશીનો પહોંચ્યા છે. અને મુખ્ય વાત એટલે અરુણાચલમની પત્ની પણ આ કાર્યમાં જોડાઈ ગઈ છે. 'ટાઈમ' મેગેજીન દ્વારા વિશ્વના સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓમાં આ અરુણાચલમને સ્થાન મળ્યું હોય છતાંય આ અરુણાચલમ પોતાના મૂળ ગામમાં જ પરત ફરીને ત્યાં ગૌરવપૂર્વક રહે છે! દેશ-વિદેશમાં પ્રવાસ કરીને વધારેમાં વધારે સ્ત્રીઓને ઓછામાં ઓછી કિંમતે સેનેટરી નેપ્કીન પહોંચાડવાનું એમનું કાર્ય અવિરત પણે ચાલુ જ છે.

'ચિની કમ' અને 'પા' જેવા અલગ જ વિષયના સફળ ફિલ્મ દિગ્દર્શક આર. બાલ્કી 'પેડમેન' ફિલ્મના દિગ્દર્શક છે